# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 30-03-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર રૂપલ જાની વાંચે છે.

**************************************************

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મહારાષ્ટ્ર અને છત્તીસગઢની મુલાકાતે.**

2) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે.**

3) **ભૂકંપગ્રસ્ત મ્યાનમારને તાત્કાલિક માનવતાવાદી સહાય પૂરી પાડવા ઓપરેશન બ્રહ્મા હેઠળ સ્પેશિયલ મેડિકલ ટાસ્ક ફોર્સ તૈનાત.**

4) **આજે સમગ્ર દેશમાં ગુડી પડવો અને ચેટીચાંદની ઉત્સાહભેર ઉજવણી. ચૈત્રી નવરાત્રીનો પણ પ્રારંભ.**

5) **IPL ક્રિકેટમાં, ગુજરાત ટાઇટન્સે અમદાવાદમાં મુંબઈ ઇન્ડિયન્સને 36 રનથી હાર આપી.**

..............................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# MAHARASHTRA-CHHATTISGARH-VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મહારાષ્ટ્ર અને છત્તીસગઢની મુલાકાત લેશે. શ્રી મોદી સવારે મહારાષ્ટ્રના નાગપુર પહોંચશે. તેઓ સ્મૃતિ મંદિરની મુલાકાત લેશે અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્થાપકો ડૉ. કેશવ હેડગેવાર અને માધવરાવ ગોલવલકરને શ્રદ્ધાંજલિ આપશે. શ્રી ગોલવલકરને ગુરુજી તરીકે પણ ઓળખવામાં આવે છે. ત્યારબાદ પ્રધાનમંત્રી દીક્ષા ભૂમિ જશે અને ડૉ. ભીમરાવ આંબેડકરને શ્રદ્ધાંજલિ આપશે.

પ્રધાનમંત્રી સવારે લગભગ 10 વાગ્યે નાગપુરમાં માધવ નેત્રાલય પ્રીમિયર સેન્ટરનો શિલાન્યાસ કરશે. તેઓ જાહેર સભાને પણ સંબોધિત કરશે. શ્રી મોદી નાગપુરમાં સોલાર ડિફેન્સ એરોસ્પેસ લિમિટેડ ખાતે લોઇટરિંગ મ્યુનિશન ટેસ્ટિંગ રેન્જ અને ડ્રોન માટે રનવે સુવિધાનું ઉદ્ઘાટન પણ કરશે.

આ પછી, પ્રધાનમંત્રી બપોરે લગભગ 3.30 વાગ્યે છત્તીસગઢના બિલાસપુર જશે. શ્રી મોદી 33 હજાર 700 કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સ રાષ્ટ્રને સમર્પિત કરશે. તેઓ એક જાહેર સભાને પણ સંબોધિત કરશે.

# PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

# MEA-OPERATION-BRAHMA-PAGE -1

વિદેશ મંત્રાલયે કહ્યું કે, ભૂકંપગ્રસ્ત મ્યાનમારને તાત્કાલિક માનવતાવાદી સહાય પૂરી પાડવા માટે ભારતીય સેનાએ ઓપરેશન બ્રહ્મા હેઠળ સ્પેશિયલ મેડિકલ ટાસ્ક ફોર્સ તૈનાત કરી છે.

ઉપરાંત ભારતીય વાયુસેનાના પાંચ વિમાનોને મ્યાનમારના યાંગોન અને નાયપીડોમાં ઉતારવામાં આવ્યા છે. બે C-17 વિમાનોમાં 10 ટન આપત્તિ વ્યવસ્થાપન સામગ્રી, 60 પેરામેડિકલ એમ્બ્યુલન્સ અને રાષ્ટ્રીય આપત્તિ રાહત કર્મચારીઓ હતા.

અગાઉ, ભારતીય વાયુસેનાના વિમાને AFS હિન્ડોનથી ભૂકંપગ્રસ્ત મ્યાનમારમાં લગભગ 15 ટન રાહત સામગ્રી પહોંચાડી હતી. ભૂકંપ પછી, જ્યાં હવાઈમથક સંપૂર્ણપણે કાર્યરત નથી, ત્યાં મ્યાનમારની રાજધાનીમાં બચાવ કાર્યકરો મોકલનાર ભારત પહેલો દેશ છે.

રાષ્ટ્રીય આપત્તિ રાહત  દળની ટીમ આજે માંડલે જવા રવાના થશે. રાહત કામગીરી માટે શહેરમાં પહોંચનારી આ પહેલી બચાવ ટીમ હશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, હવાઈમથક અને નૌકાદળના જહાજો દ્વારા કુલ 137 ટન રાહત સામગ્રી મોકલવામાં આવી છે. જરૂર પડ્યે વધુ સહાય મોકલવામાં આવશે.

સંરક્ષણ મંત્રાલયના એક નિવેદનમાં જણાવાયું કે, શત્રુજીત બ્રિગેડના 118 તબીબી કર્મચારીઓની એક ટીમ તૈનાત કરવામાં આવી છે. આ કામગીરી હેઠળ, ભારતીય સેના આપત્તિમાં ઘાયલ થયેલા લોકોને તાત્કાલિક સહાય પૂરી પાડવા માટે 60 બેડનું તબીબી સારવાર કેન્દ્ર સ્થાપિત કરશે. તે ટ્રોમા, ઇમરજન્સી સર્જરી અને અન્ય જરૂરી તબીબી સેવાઓ પૂરી પાડશે.

આ માનવતાવાદી સહાય ભારતની પડોશી પ્રથમ નીતિ અને વસુધૈવ કુટુંબકમની ભાવના પ્રત્યેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. દરમિયાન, શુક્રવારે આવેલા 7.7 ની તીવ્રતાના શક્તિશાળી ભૂકંપ બાદ મ્યાનમારમાં મૃત્યુઆંક 1 હજાર 600 ને વટાવી ગયો છે. સરકારે એક નિવેદનમાં જણાવ્યું કે, 1 હજાર 644 લોકો મૃત હાલતમાં મળી આવ્યા છે, જ્યારે ઘાયલોની સંખ્યા 3 હજાર 408 થઈ ગઈ છે, 139 લોકો લાપતા છે.

થાઈલેન્ડની રાજધાની બેંગકોકમાં, દસ લોકો મૃત હાલતમાં મળી આવ્યા છે, અને 101 હજુ પણ ગુમ છે.

# KIRAN-RIJJIJU

કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ રકાબગંજ ગુરુદ્વારા ખાતે પીએમ વિકાસ યોજના હેઠળ એક પ્રોજેક્ટ શરૂ કર્યો, જેનો અમલ દિલ્હી શીખ ગુરુદ્વારા વ્યવસ્થાપન સમિતિ દ્વારા કરવામાં આવશે. મીડિયા સાથે વાત કરતા, શ્રી રિજિજુએ કહ્યું કે, 100 કરોડ રૂપિયાના ખર્ચે શરૂ થનારો આ પ્રોજેક્ટ શીખ સમુદાયના યુવાનોના તાલીમ અને કૌશલ્ય વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

## (BYTE- KIRAN-RIJJIJU)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . . .

## GUDI-PADWA

**આજે મહારાષ્ટ્ર સહિત સમગ્ર દેશમાં મરાઠી નવું વર્ષ ગુડી પડવો ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવી રહ્યુ  છે. આ તહેવાર વસંત ઋતુના આગમનનું પ્રતીક છે. આ પ્રસંગે લોકો પોતાના ઘરોને શણગારે છે અને દરવાજાની બહાર રંગોળી પૂરે છે. પરંપરાગત પોશાક પહેરીને શોભાયાત્રા પણ કાઢવામાં આવે છે. આજથી ચૈત્ર નવરાત્રીનો પણ પ્રારંભ થઈ રહ્યો છે. જે રામ નવમી પર પૂર્ણ થશે.**

**ગુડી પડવાની શુભેચ્છા પાઠવતા, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે નાગરિકોને રાજ્ય અને દેશના વિકાસ માટે સાથે મળીને કામ કરવા વિનંતી કરી. તેમણે નવા વર્ષ પર ખેડૂતો, કામદારો, ઉદ્યોગસાહસિકો અને તમામ લોકોને સમૃદ્ધિ, ખુશી અને પ્રગતિની શુભેચ્છા પાઠવી. તેમણે છત્રપતિ શિવાજી મહારાજના દેશભક્તિ અને સ્વાભિમાનના વારસામાંથી પ્રેરણા લેવા પર ભાર મૂક્યો. મુખ્યમંત્રીએ યુવાનોને ઉદ્યોગસાહસિકતા, શિક્ષણ અને નવીનતામાં સફળતા મળે તેવી શુભેચ્છા પાઠવી અને નવા વર્ષમાં સૌ માટે કુદરતના આશીર્વાદ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી. આજે સિંધી ભાઈ-બહેનો દ્વારા**

ચેટીચાંદની પણ ઉલ્લાસભેર ઉજવણી કરાઈ રહી છે. આજે ભગવાન ઝુલેલાલની શોભાયાત્રા અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.

# MP-JAL-GANGA-MAHABHIYAN

ગુડી પડવાના અવસર પર આજે મધ્યપ્રદેશમાં જળ ગંગા સંરક્ષણ અભિયાન શરૂ કરવામાં આવશે. આ જળ સંરક્ષણ અભિયાન વરસાદી પાણીના દરેક ટીપાને બચાવવા માટે ચલાવવામાં આવશે. રાજ્યના મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવ ઉજ્જૈનમાં ક્ષિપ્રા નદી પર આ અભિયાનનો ઔપચારિક પ્રારંભ કરાવશે. આ ઝુંબેશ 30 જૂનના રોજ સમાપ્ત થશે.

એક રિપોર્ટ......

(BYTE- MADHYA-PRADESH-HINDI)

# AMIT-SHAH-BIHAR-VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહ આજે પટણા ખાતે રાજ્ય સ્તરીય સહકારી સંમેલનનું ઉદ્ઘાટન કરશે અને બિહારના ગોપાલગંજ ખાતે એક જાહેર સભાને પણ સંબોધિત કરશે.

શ્રી શાહ આગામી બિહાર વિધાનસભા ચૂંટણી માટે ગઠબંધન પક્ષો સાથે ચર્ચાના ભાગ રૂપે પટણામાં NDA નેતાઓ સાથે બેઠક કરશે. આંતરરાષ્ટ્રીય વર્ષ સહકારી મંડળીઓના ભાગ રૂપે આ સહકારી સંમેલનનું આયોજન કરવામાં આવી રહ્યું છે. પટણાના બાપુ સભાગર ખાતે આયોજિત સમારોહમાં દેશના વિવિધ ભાગોમાંથી વિવિધ સહકારી મંડળીઓ, વ્યાપાર મંડળના 7 હજાર થી વધુ

પ્રતિનિધિઓ હાજરી આપે તેવી અપેક્ષા છે. કેન્દ્રીય સહકારી મંત્રી 800 કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસ કાર્યક્રમો અને પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને શિલાન્યાસ પણ કરશે. તેમાં દરભંગામાં મખાના પ્રોસેસિંગ સેન્ટર, માઇક્રો-ATMનું વિતરણ, ખેડૂત ઉત્પાદક સંગઠન (FPO) ને લોન અને ખાદ્યાન્ન માટે નવા સંગ્રહ ગોડાઉનનો સમાવેશ થાય છે.

સહકારી સંમેલનમાં હાજરી આપ્યા બાદ શ્રી શાહ ગોપાલગંજની મુલાકાત લેશે. તેઓ ગોપાલગંજના પોલીસ લાઇન ગ્રાઉન્ડ ખાતે એક જાહેર સભાને સંબોધિત કરશે. શ્રી શાહ બિહારની બે દિવસીય મુલાકાતે ગઈકાલે સાંજે પટના પહોંચ્યા હતા.

# IPL

આઈપીએલ ક્રિકેટમાં, ગુજરાત ટાઇટન્સે અમદાવાદમાં મુંબઈ ઇન્ડિયન્સને 36 રનથી હાર આપી. પ્રથમ બેટિંગ કરતા ગુજરાતે નિર્ધારિત 20 ઓવરમાં આઠ વિકેટે 196 રન બનાવ્યા. સાઈ સુદર્શને 63 રન કર્યા. મુંબઈ તરફથી હાર્દિક પંડ્યાએ બે વિકેટ ઝડપી હતી.

જવાબમાં મુંબઈ ઈન્ડિયન્સ 20 ઓવરમાં છ વિકેટે 160 રન જ બનાવ્યા. સૂર્યકુમાર યાદવે 48 રન બનાવ્યા. ગુજરાત તરફથી મોહમ્મદ સિરાજ અને પી કૃષ્ણાએ બે-બે વિકેટ ઝડપી હતી.

આજે દિલ્હી કેપિટલ્સનો મુકાબલો સનરાઇઝર્સ હૈદરાબાદ સામે થશે. આ મેચ વિશાખાપટ્ટનમમાં બપોરે 3.30 વાગ્યાથી રમાશે. ગુવાહાટીમાં સાંજે 7.30 વાગ્યે રાજસ્થાન રોયલ્સ ચેન્નાઈ સુપર કિંગ્સ સામે રમશે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે અનિલ પટેલ

- આજના અખબારોમાં મ્યાંમારમાં ભૂકંપ, છત્તીસગઢમાં નક્સલવાદીઓ ઠાર, આજથી ચૈત્રી નવરાત્રિનો પ્રારંભ, ગુજરાતમાં કમોસમી વરસાદની હવામાન વિભાગની આગાહી જેવા સમાચાર પ્રસિધ્ધ થયા છે.
- ગુજરાત સમાચાર, ફુલછાબ, સંદેશ સહિતનાં અખબારો જણાવે છે કે કેન્દ્રીય મંત્રી નિતીન ગડકરીએ ટુ વ્હિલરની ખરીદી પર બે હેલમેટ આપવાની જાહેરાત કરી છે.
- 'પ્રધાનમંત્રી મોદી સ્માર્ટમેન અને ગ્રેટ ફ્રેન્ડ- ટેરિફ મંત્રણાના ખૂબ સારા પરિણામ મળશે-ટ્રમ્પ' આ શિર્ષક સાથેના સમાચાર નવગુજરાત સમયે અંદરનાં પાને પ્રકાશિત કર્યા છે. જ્યારે સંદેશે આ સમાચારને પ્રથમ પાને લઇને લખ્યું છે- ડોનાલ્ડ ટ્રમ્પ પીએમ મોદી પર ઓળઘોળ- ભારત પાસે શાનદાર વડાપ્રધાન છે.
- નવગુજરાત સમયના સમાચાર પ્રમાણે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ભાજપ પર આક્ષેપ કર્યોઃ ભાજપના ભાઇ ભતીજાવાદથી બેન્કિંગ ક્ષેત્ર સંકટમાઃ કર્મચારીઓ પરેશાન
- દિવ્ય ભાસ્કર વિશેષ અહેવાલમાં જણાવે છે- દેશમાં 100 સ્માર્ટ સિટીની સામે માત્ર 16 શહેરોમાં જ કામ પૂરા થયા-
- ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના અહેવાલ પ્રમાણે અમેરિકામાં અનેક આંતરરાષ્ટ્રીય વિધાર્થીઓને એક્ટિવિઝમના કારણે સ્વેચ્છાએ દેશ છોડી જવા જણાવ્યું.
- ઇન્ડિયન એક્સપ્રેસ હેડલાઇનમાં જણાવે છે,અમેરિકાએ ભારતમાં પરમાણુ રીએક્ટરના નિર્માણ માંટે મંજૂરી આપી.